## જન્મદિને વધામણી



રંજનબેન તેજપાલ ગાંધી
ફોન : ૨૩૨૨૩૨૩૮



મહેશભાઈ દેવકરણભાઈ પટેલ
મો. ૯૯૭૯૫ ૦૭૨૭૨



જય પટેલ
મો. ૮૬૯૦૨ ૯૭૬૫૮



આર્યા વિનયકુમાર પરમાર
મો. ૯૪૦૮૨ ૭૧૩૪૩





ગાંધીનગર ખાતે આયોજિત વોસ્ટન મેમોરિયલ ફૂટબૉલ ટુર્નામેન્ટની ફાઈનલ મૅચમાં રાજકોટ એજી ઑફિસનો વિજય થયો છે. આ ટીમને રૂા. ૨૧ હજારનો ચૅક, ટ્રૉફી અને તેના દરેક ખેલાડીને મૅડલ ઈનામ તરીકે એનાયત કરવામાં આવ્યા હતા. રનર્સ અપ ટીમ ઝેવિયર્સ યુએફસીને રૂા. ૧૧ હજારનો ચૅક, ટ્રૉફી તથા તેના દરેક ખેલાડીને મૅડલ ઈનામ તરીકે એનાયત કરવામાં આવ્યા હતા. ફાઈનલ મૅચના શ્રેષ્ઠ ખેલાડી તરીકેનું ઈનામ રાજકોટ એજી ઑફિસના ખેલાડી શ્યામ વાકલાને પ્રાપ્ત થયું હતું, તો ટુર્નામેન્ટના શ્રેષ્ઠ ખેલાડી તરીકેનું ઈનામ પણ રાજકોટ એજી ઑફિસના ખેલાડી દિપેશ પુનને પ્રાપ્ત થયું હતું. ઈનામ વિતરણ સમારોહમાં અતિથિ તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના કૉર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર, વૉલ્ટર ક્રિશ્ચિયન અને એસીબીના પીઆઈ રાજુ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ ટુર્નામેન્ટમાં રાજ્યભરની ૧૬ ટીમો અને કુલ ૩૦૦ જેટલા ખેલાડીઓ જોડાયા હતા.

ભારતરત્ન ડૉ. બી આર આંબેડકરની સવાસોમી જન્મ જયંતિ નિમિત્તે

# બી કેશરશિવમ્ વાર્તા, કવિતા અને નિબંધ સ્પર્ધાનું આયોજન

ભારતરત્ન ડૉ. બી આર આંબેડકરની સવાસોમી જન્મ જયંતિ નિમિત્તે વાર્તા, કવિતા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટેના વિષયો છે : જન્મ, ભણતર, પરદેશમાં વિદ્યાભ્યાસ, મહાડ તળાવ અને કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ, બંધારણ નિષ્ણાત, કાનૂન મંત્રી, હિન્દુ કોડ બિલ, મંત્રીપદેથી રાજીનામું, પુના કરાર, બૌદ્ધ ધર્મ અંગીકાર, એમનાં પુસ્તકો, પ્રવચનો અને વૉલ્યુમ.

આ સ્પર્ધા માત્ર ઍવોર્ડ માટે જ નથી પણ અક્ષરજ્ઞાન મેળવેલ તમામ માટે કલમ ઊઠાવી ઋણમુક્ત થવાના પ્રયત્નસમાન છે અને બીજા માટે પ્રાયશ્ચિતરૂપ છે. વાર્તા, કવિતા અને નિબંધ એમ દરેક કૅટેગરીમાં પહેલું ઈનામ રૂા. ૨૫૦૦, બીજું ઈનામ રૂા. ૧૫૦૦ અને ત્રીજું ઈનામ રૂા. ૧૦૦૦ રાખવામાં આવ્યું છે. ત્રણેય કૅટેગરીમાં રૂા. ૧૦૦નાં ૧૦ આશ્વાસન ઈનામો પણ રાખવામાં આવ્યાં છે. આમ કુલ રૂા. ૧૮ હજારનાં ૩૯ ઈનામો રાખવામાં આવ્યાં છે.

દરેક કૅટેગરીમાં વિજેતા નિયત કરવા માટે તજજ્ઞોની સમિતિ નિર્ણય લેશે. અંતિમ નિર્ણય આયોજકોનો રહેશે. વિવાદ માટે ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

સ્પર્ધા માટેની કૃતિઓ બી કેશરશિવમ્ - બી ઍસ જાદવ, 'શૂળ', પ્લૉટ નં. ૧૩૮/૧, સૅક્ટર-૧ બી, ગાંધીનગર. પીન : ૩૮૨ ૦૦૭ ખાતે મોકલવાની રહેશે. કવર ઉપર 'બી કેશરશિવમ વાર્તા સ્પર્ધા - વાર્તા, કવિતા, નિબંધ (જે લાગુ પડતું હોય તે)' લખવું.

રચના સાથે કૃતિનું નામ, લેખકનું નામ, સરનામું, ફોન નંબર, ટૂંકો પરિચય વગેરે અલગ કાગળમાં લખવું. કૃતિ પર લેખકનું નામ લખવું નહીં. લખાણ કાગળની એક તરફ સુવાચ્ય અક્ષરે લખેલું અથવા ટાઈપ કરેલું હોવું જોઈએ.

કૃતિ પરત કરી શકાશે નહીં. પસંદગીની કૃતિઓનું પુસ્તકાકારે પ્રકાશન કરવાની ગણતરી હોઈ તે માટે સંમતિપત્ર સાથે મોકલી આપવાનો રહેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા

# ૭મો મેગા નેત્ર નિદાન કેમ્પ કલોલ તાલુકાના ગોલથરા ગામે પ્રાથમિક શાળા ખાતે યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬માં લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૭ મો મેગા આઈ ચેક-અપ કેમ્પનું આયોજન કલોલ તાલુકાના ગોલથરા ગામે રાખવામાં આવ્યું હતું. જેમાં ૨૭ જેટલાં મોતીયાના સફળ ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ દ્વારા આગામી વર્ષે ૧૦૦ વર્ષ પૂર્ણ થનાર હોવાથી ક્લબ દ્વારા વિવિધ સેવાકીય કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

૧૦૦ વર્ષથી "સાઈટ ફર્સ્ટ"ને કાયમી સ્થાન આપવામાં આવેલ છે અને ચાલુ વર્ષે લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા પણ સાઈટ ફર્સ્ટને પ્રાધાન્ય આપીને કુલ ૭ કેમ્પમાં લગભગ ૪૫૦૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે. જેમાં લગભગ ૨૦૦ જેટલાં મોતીયાના સફળ ઓપરેશન કરવામાં આવેલ છે. વર્ષમાં ક્લબ દ્વારા આંખની તપાસ કરી મોતીયાના નિશુલ્ક ઓપરેશન કરીને નેત્રમણિ પણ મુકી આપવામાં આવે છે. મોતીયાના દર્દીઓને દરેક કેમ્પમાં તેઓના ઘરેથી અમદાવાદ લાયન્સ આંખની હોસ્પિટલ (ઓગણજ) લઈ જઈને ઓપરેશન કરી નેત્રમણિ મુકીને દર્દીને પુનઃ તેઓના ઘરે પરત મુકી જવાની સેવા પુરી પાડવામાં આવે છે. હોસ્પિટલમાં રહેવા તેમજ જમવાની તથા અન્ય મેડીકલ તપાસની કોઈપણ જાતની ફી દર્દી પાસેથી વસુલવામાં આવતી નથી. ગામે ગામ આ પ્રવૃત્તિને ખુબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેમ લાયન્સ ક્લબ પ્રમુખ ડૉ. જયંતિભાઈ એસ. પ્રજાપતિએ જણાવ્યું છે.

વધુમાં દરેક કેમ્પને સફળ બનાવવામાં લાયન્સ ક્લબ ગાંધીનગરના પૂર્વ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન હરેન્દ્રભાઈ શુક્લના તથા ડૉ. એ. આર. પટેલ અને ડૉ. દિલીપભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ઉપપ્રમુખ નિમેષભાઈ રાવલ, નયનભાઈ મધુકર, મોહનભાઈ પરમાર, મંત્રીશ્રી ઉમંગભાઈ પંડ્યા, ખજાનચી શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી રઘુસિંહ ગોલ, આદરણીય નટુભાઈ સોલંકી(નટુકાકા), શ્રી ભરતભાઈ પંડ્યા, શ્રી ઉપેન્દ્રભાઈ સોલંકી, શ્રી અજયભાઈ પટેલ, પૂર્વ પ્રમુખશ્રી કે. પી. પ્રજાપતિ - આ સમગ્ર ટીમે તમામ કેમ્પને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫
**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫
**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

## ભારત વિકાસ પરિષદની સાધારણ સભા રવિવારે

ગાંધીનગર, તા. ૧૬

ભારત વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૨ મે, રવિવારના રોજ હોટલ ઘુંઘટ ખાતે યોજવામાં આવી છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના મંત્રી મુકેશભાઈ રાવલે જણાવ્યું છે કે રવિવારે સાંજે ૬.૩૦ કલાકે સાધારણ સભા યોજવામાં આવી છે, જેમાં સંસ્થાના વિતેલા વર્ષના કાર્યક્રમના લેખા-જોખા અને હિસાબોનું સરવૈયું તેમજ આગામી વર્ષના કાર્યક્રમોનું આયોજન ચર્ચવામાં આવશે.

સભામાં ઉપસ્થિતિ અંગેની જાણ તા. ૧૮ મે, બુધવાર સુધીમાં કરી દેવા તેમણે અપીલ કરી છે. આ માટે વ્યક્તિગત શુલ્ક રૂા. ૮૦ નિયત કરવામાં આવ્યું છે ને સભ્ય ફીના ચૅક પણ સાથે લાવવા તેમણે વિનંતી કરી છે.

# તાલુકા-જિલ્લા યુવક-મહિલા મંડળની સ્પર્ધાઓનો કાર્યક્રમ જાહેર

તાલુકા કક્ષાની સ્વામી વિવેકાનંદ યુવક-મહિલા મંડળ સ્પર્ધા માટેનો કાર્યક્રમ જિલ્લા રમતગમત અધિકારી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

યુવક મંડળની સ્પર્ધા અંતર્ગત ટેનિસ ક્રિકેટનું આયોજન તારીખ ૨૧ મે, ૨૦૧૬ના રોજ અને શૂટીંગ બૉલ તથા રસ્સાખેંચનું આયોજન તા. ૨૨ મે, ૨૦૧૬ના રોજ સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ, ગાંધીનગર, બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલ, માણસા, પી જે વખારીયા હાઈસ્કૂલ, કલોલ, કે આર વકિલ વિદ્યાલય, કનીપુર, દહેગામ ખાતે કરવામાં આવ્યું છે.

મહિલા મંડળની સ્પર્ધા અંતર્ગત સંગીત ખુરશી, ઊભી ખો અને રસ્સાખેંચનું આયોજન તારીખ ૨૨ મે, ૨૦૧૬ના રોજ ઍમ ઍચ વિદ્યામંદિર, ડભોડા-ગાંધીનગર, બ્લીસ ઈન્ટરનેશનલ સ્કૂલ, માણસા, પી જે વખારિયા હાઈસ્કૂલ, કલોલ અને કે આર વકિલ વિદ્યાલય, કનીપુર ખાતે કરવામાં આવ્યુંછે. જિલ્લા કક્ષાની યુવક મંડળની સ્પર્ધા અંતર્ગત ટેનિસ ક્રિકેટ, શૂટીંગ બોલ અને રસ્સાખેંચ તારીખ ૨૩ મે, ૨૦૧૬ના રોજ સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણ, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જિલ્લા કક્ષાની મહિલા મંડળ સ્પર્ધા અંતર્ગત સંગીત ખુરશી, ઊભી ખો અને રસ્સાખેંચ તા. ૨૩ મે, ૨૦૧૬ના રોજ સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણ, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સ્પર્ધા સવારે ૮ કલાકે શરૂ થશે. આ અંગેની વધુ માહિતી માટે ગાંધીનગર-ડી જી ચૌધરી (મો. ૯૬૩૮૧૦૧૫૦૦), ડી બી સોલંકી (મો. ૯૯૨૫૫૦૭૩૦૧), માણસા-બાબુભાઈ ચૌધરી (મો. ૯૮૨૫૩ ૯૫૩૭૬), કલોલ-આર કે ચૌધરી (મો. ૯૯૨૫૧ ૮૦૪૭૦) અને દહેગામ-પ્રકાશ દવે (મો. ૮૪૮૮૦ ૬૫૧૨૬), જશુભાઈ ચૌધરી (મો. ૯૯૭૪૮૯૨૬૦૮)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# શાનદાર સિંગર 'શાન'... બહતી હવા સા થા વો, ઉડતી પતંગ સા થા વો...

### 'ફના' ફિલ્મના ચાંદ સિફારીશ જો કરતા હમારી... જેવા મૅલોડિયસ ગીતો સાથે કલ્ચરલ ફૉરમના ગ્રીષ્મોત્સવમાં સદાબહાર શાનની ગીત-સંગીત-ડાન્સ સાથેની કન્સર્ટમાં યુવા ફૅન અવનવાં ગીતોની ધ ગ્રેટ ગ્રાન્ડ મસ્તી મન ભરીને માણતા રહ્યા : શાન સાથે હાથ મિલાવવા અને સૅલ્ફિ લેવાનો યંગસ્ટર્સનો ક્રેઝ કાર્યક્રમને લાઈવ બનાવી ગયો

જબ સે તેરે નૈના મેરે નૈનોં સે લાગે રે... ચાંદ સિફારીશ જો કરતા હમારી... બહેતી હવા સા થા વો, ઉડતી પતંગ સા થા વો... આ ૩ ગીતો એટલે સિંગર શાનની ફિલ્મી કરિઅરનાં ગીતોને વલોવીને માખણની જેમ તરી આવતાં ગીતો... તન્હા દિલ નામના આલ્બમથી આવેલા શાને અરીજીત સિંગના આવતા પહેલાં સોનુ નિગમ, ઉદિત નારાયણ, શંકર જેવા ગાયકો સાથે પોતાની પણ આગવી ઓળખ બનાવી સુરીલા ગાયક તરીકે ગોલ્ડન વૉઈસ ઑફ ઈન્ડિયા તરીકે નામના કાઢી લીધી હતી. કલ્ચરલ ફૉરમના ગ્રીષ્મોત્સવમાં શાન એનું ધમાકેદાર પરફૉર્મન્સ આપવા આવ્યો હતો જેની પત્ની રાધિકા અમદાવાદ-પાલડીની છે. આમ તો એનું આખું નામ શાંતનુ મુખર્જી છે. માત્ર ૧૭ વર્ષની વયે નાના પાટેકરની ફિલ્મ પરિંદામાં કીતની હૈ પ્યારી-પ્યારી દોસ્તી હમારી... જેવી એક લાઈનથી એની ઍન્ટ્રી થયેલી... 'રૂપ તેરા મસ્તાના' આર ડી બર્મનના રિમીક્સ ગીત સાથે આવેલી એની બહેન સાગરિકાએ શાંતનુનું નવું નામ શાન પાડીને એને તન્હા દિલ આલ્બમ સાથે લોંચ કરેલો જેને ઍમ ટીવીનો મ્યુઝિક ઍવોર્ડ મળેલો.



ભારતીય પ્લેબૅક સિંગર શાન કે જેણે હિન્દી, બંગાળી, મરાઠી, ઉર્દૂ, કનાડા જેવી ભાષાનાં ગીતોમાં એનો અવાજ આપ્યો છે. ગીત સંગીતનો ફેમસ શો સારેગામા અને સારેગામા લિટલ ચૅમ્પમાં એ હોસ્ટ તરીકે આવે છે. મૅજિશિયન ઑફ મૅલડી અને વૉઈસ ઑફ પૅરેડાઈઝ તરીકે ઓળખાતો શાન આજે કલ્ચરલ ફૉરમના ૨૨મા વર્ષના ઓપનીંગ કાર્યક્રમમાં આવ્યો છે એવો સુંદર પરિચય હિરેન ભટ્ટે આપ્યો.

શાનના આવતા પહેલાં અપેક્ષા દાંડેકર 'બદલાપુર' ફિલ્મનું દહેલીધ પે મેરે દિલ કી જો રખે હૈં તુને કદમ... અને પછી દમ લગા કે હઈસાના મોહ મોહ કે... ગીત બાદ ધૂમ-૩નું કમલી...ની સાથે જ તનુ વેડ્સ મનુનું મેં ઘણી બાવરી હો ગઈ... ગીતો સાથે પ્રેક્ષકોની અપેક્ષા પર ખરી ઊતરી...

બહતી હવા સા થા વો... બૅક સ્ટેજ પરથી ગીત લલકાર્યું અને શ્રોતાઓએ ચિચિયારીઓ પાડીને શાનને વધાવી લીધો. ડૉન ફિલ્મનું જરા દેખો કૌન આયા હૈ... સાથે ધમાકેદાર ઍન્ટ્રી કરી... પીકે ફિલ્મનું ચાર કદમ બસ ચાર કદમ ચલ દો ના સાથ મેરે... અને બૉડીગાર્ડના આઈ લવ યુ સોંગ સાથે એણે 'તારા આંખનો અફિણી, તારા બોલનો બંધાણી...' ગુજરાતી ગીત સાથે શ્રોતાઓને પોતાના કરી લીધા...





સલમાન ખાનની ફિલ્મ જય હોનું તેરે નૈના બડે કાતીલ... અને પ્રેમ રતન ધન પાયોનું આજ ઉનસે મિલના હૈ હમેં... ગીતો બાદ જે ગીત માટે શાનને બેસ્ટ પ્લેબૅક સિંગર માટેનો ફિલ્મફૅર ઍવોર્ડ મળ્યો છે એ સાંવરિયા ફિલ્મનું ગીત જબ સે તેરે નૈના મેરે નૈનોં સે લાગે રે... રજૂ થયું. આ ગીત પર તો યુવાધન હિલોળે ચઢ્યું... ત્યારબાદ રાજુ ચાચા ફિલ્મનું તુને મુઝે પહેચાના નહીં... જેવું નબળું ગીત આવ્યું...

શાને પછી તો ગરમીથી અકળાવતા કોટને ઉતારીને મધુર મૅડલી છેડી... લક્ષ્ય-મૈં ઐસા ક્યું હું... મુન્નાભાઈ ઍમબીબીઍસ-ચંદામામા સો ગયે... વન લવ ધડકન મેં હૈ, વૅલકમ વૅલકમ... દિલ કા કરું મૈં ક્યા અને સાથિયાનું ઓ હમદમ સુનિયો રે... બધાં જ ગીતો એની ફિલ્મોની યાદ અપાવતાં રહ્યાં...

તારે ઝમીં પરના બાળગીત બમ બમ બોલે મસ્તી મેં ડોલે... સાથે બાળકોને નચાવ્યાં તો પ્યાર મેં કભી કભીના ગીત મુસુ મુસુ હસી, દિલ મેં લઈ ગઈ... ગીત પર યુવાનોને રંગમાં લાવ્યો... આ પછી વારો હતો બીજા ફિલ્મફૅર ઍવોર્ડ વિનર ગીતનો - 'ફના' ફિલ્મના ચાંદ સિફારીશ જો કરતા હમારી, દેતા હૈ તુમકો બતા... આ ગીતમાં રિધમીસ્ટે રંગ ભરી દીધો... શાન જૂનાં ગીતો પણ સરસ ગાય છે અને એની ઝલક આપતાં એણે ચાંદ આહેં ભરેગા... અને ચાંદ મેરા દિલ... બાદ પ્રીતિ સાથે ડ્યુએટમાં કલ હો ના હો ફિલ્મનું કુછ તો હુઆ હૈ કુછ હો ગયા હૈ... ગીત ગાયું. આ કાર્યક્રમનું એકમાત્ર ઓલ્ડ સોંગ 'લગ જા ગલે કે ફિર યે હસીં રાત હો ન હો...' રજૂ થયું.

રબને બના દી જોડીનું તુજ મેં રબ દિખતા હૈ... અને તારા રમ પમ ફિલ્મનું હે શોના હે શોના... બંને ગીતો બાદ ફરી અપેક્ષા દાંડેકર ક્લબ સોંગ લઈને આવી... સારી નાઈટ બેશર્મી કી હાઈટ.... બધાં જ ગીતોમાં લોકો નાચતા રહ્યા...

શાન ફરીથી શાનદાર રીતે નવી ઍનર્જી સાથે મૅડલી લઈને આવ્યો... હાઉસફૂલ -૨, હાં હમેં તુમસે મોહબ્બત હુઈ હૈ... યુ માય લવ, જાને જા યુ માય લવ... રોક એન્ડ રોલ સોણિયે, કભી તુ ભી તો મેરે સંગ ડોલ... ઉસકી આંખો મેં જાદૂ, દસ બહાને કર કે લે ગઈ દિલ... દેખો દેખો યે શામ બડી દિવાની, ધીરે ધીરે બન જાયે ના કોઈ કહાની ઓમ શાંતિ ઓમ... કોઈ કહે કહેતા રહે કિતના ભી હમકો દિવાના... ઑલ ઈઝ વૅલ...બધાં ગીતો ધમાલ રહ્યાં.



પબ્લિક ડિમાન્ડ પર શાને એના મ્યુઝિક આલ્બનું ગીત તન્હા દિલ તન્હા સફર... અને ખૂબ શરૂઆતમાં એનું લખેલું ગીત ભૂલ જા જો હુઆ, ઉન યાદોં કો તુ ભૂલ જા... બંને ગીતો ઠીકઠાક રહ્યાં... શાને વચ્ચે એકવાર ગુજરાતી ગીતની ડિમાન્ડ પર કોક સ્ટુડિયો માટે તારા વિના શ્યામ મને એકલડું લાગે... ગીત ગાઈને મોજ કરાવી દીધી...

૩ ઈડિયટ ફિલ્મનું અતિપ્રસિદ્ધ ગીત 'બહેતી હવા સા થાવો, ઉડતી પતંગ સા થા વો...' કહાં ગયા ઉસે ઢુંઢો... બહેતરીન ગીત બહેતરીને અંદાજ-અવાજ સાથે ગાઈને સદાબહાર શાને એની ઍનર્જી સાથે સુપર સિંગીંગનો પરચો આપી શ્રોતાઓને ખુશ કરી દીધા...

કલ્ચરલ ફૉરમના સભ્યો શાનનું સ્વાગત કરે એ સમયનો સદ્દુપયોગ કરી એણે વૈષ્ણવજન તો તેને રે કહીએ... લલકારી દીધું... કલ્ચરલ ફૉરમ એના ભવ્ય કાર્યક્રમોથી દર વર્ષે એના ચાહકવર્ગમાં વધારો કરી રહ્યું છે, આ સભ્ય સંખ્યા ૫૧૦૦ને વટાવી ગઈ છે, વર્સૅટાઈલ વેલ્યુએબલ સિંગર શાનને લાવવા માટે કલ્ચરલ ફૉરમ અભિનંદનને પાત્ર છે...

શાનના યુવા ચાહકોને રાજી કરતાં કરતાં શાને ગીતો ગાતાં-ગાતાં અનેક જણ સાથે હાથ મિલાવ્યા તો અનેક જણાએ સૅલ્ફિ ખેંચાવી... કલાકાર અને શ્રોતાઓનું લાઈવ ટ્યુનિંગ જામી જાય તો એ કાર્યક્રમ યાદગાર બની રહે છે. સુપર સિંગર શાને પણ સૌને કાયમી યાદ રહી જાય એવો કાર્યક્રમ આપ્યો... એના માટે કહેવું પડે, બહતી હવા સા થા વો, ઉડતી પતંગ સા થા વો...